# વોર્ડ નં. ૫ માં વર્તમાન ૬ કોર્પોરેટરોની દાવેદારી

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૫ એટલે મિશ્ર મતદારોનો વોર્ડ. સેક્ટર-૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ના બનેલા વોર્ડના મતદારો ૧૯૦૬૭ છે. જેમાં ૧૦૦૨૯ પુરૂષ મતદારો અને ૯૦૩૮ મહિલા મતદારોને મતદાનનો અધિકાર છે. નવા સીમાંકન મુજબ ૨ મહિલાઓ બિન અનામત વર્ગમાંથી, ૧ પુરૂષ પણ બિન અનામત વર્ગમાંથી અને ૧ પુરૂષ અનુસૂચિત જાતિ વર્ગમાંથી પ્રતિનિધિત્વ કરી શકશે. નવા સીમાંકન મુજબ અત્યારે જ આ વિસ્તારમાં ૬ સીટીંગ કોર્પોરેટરો છે. જેમાં સર્વશ્રી ચીનમભાઈ વીંઝુડા, જીતુભાઈ રાયકા, ગોવિંદભાઈ પરમાર, અશોકભાઈ શ્રીમાળી, મીનાબેન વાઘેલા અને પીન્કીબેન પટેલ આ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે.

વોર્ડ નં. ૫ માં પણ બન્ને પક્ષોમાં દાવેદારોની દોડ તીવ્ર છે. ભાજપ પક્ષે જાણીતા સામાજીક આગેવાન અને વર્તમાન કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર દાવેદારીમાં અગ્રેસર છે. તાજેતરમાં સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલ કર્મચારી અગ્રણી અને પ્રેરણા વિદ્યાલયના સ્થાપક ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાનું નામ જોરશોરથી ગાજે છે. મહિલા બેઠક માટે જયઅંબે પરિવારના મહિલા અગ્રણી રેણુકાબેન પટેલ ઉત્સાહપૂર્વક દાવેદારી કરી રહ્યા છે. ભાવનાબેન પાઠક તથા રસીલાબેન રાજના નામો પણ છુટથી ચર્ચાય છે. માલધારી સમાજના અગ્રણીઓ રાજુભાઈ દેસાઈ, કનુભાઈ દેસાઈ અને અમૃતભાઈ દેસાઈના નામો પણ આગેવાનોમાં વિચારાઈ રહ્યા છે. ભાજપના અગ્રણી નાઝાભાઈ ધાંધર માટે પણ વૈકલ્પિક વોર્ડ માટેની વિચારણા ચાલે છે. સામાજીક ક્ષેત્રના આગેવાનો સર્વશ્રી ભરતભાઈ પટેલ, વસંતભાઈ રાઠોડ, રામસિંહ ઠાકોર અને નેહલ પરમાર વિશ્વાસપુર્વક દાવેદારી કરી રહ્યા છે. ભાજપ માટે પસંદગીની પ્રક્રિયા દિવસે દિવસે અઘરી બનતી જાય છે.

તો બીજી તરફ કોંગ્રેસમાં દાવેદારોની સંખ્યા કદાચ ઓછી હોય પણ જોરદાર આગેવાનો દાવેદારીમાં છે. કોંગ્રેસના ૫ કોર્પોરેટરો અત્યારે મનપામાં પ્રતિનિધિત્વ કરે છે. વિપક્ષના પુર્વ નેતા અને જાણીતા સામાજીક અગ્રણી ચીમનભાઈ વીંઝુડા દાવેદારીમાં અગ્રસ્થાને છે. કોંગ્રેસના જ ખુબ જ આશાસ્પદ અગ્રણી અને વર્તમાન કોર્પોરેટર જીતુભાઈ રાયકા, જાણીતા સામાજીક કાર્યકર અને કોર્પોરેટર અશોકભાઈ શ્રીમાળી પણ મેદાનમાં મોખરે છે. કોંગ્રેસના મહિલા આગેવાનો અને વર્તમાન કોર્પોરેટરો પીન્કીબેન પટેલ અને મીનાબેન વાઘેલા ટિકીટની રેસમાં મોખરે છે. વર્તમાન કોર્પોરેટરો ઉપરાંત કોંગ્રેસના સબળ યુવા અગ્રણી રાજપૂત સમાજના અગ્રણી વિદ્યા લાયબ્રેરીવાળા પ્રદિપસિંહ વાઘેલાનું નામ ગૌરવથી કોંગ્રેસ વર્તુળમાં ચર્ચાય છે. આ ઉપરાંત શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પદાધિકારી શ્રી વિક્રમસિંહ ખાચર મેદાનમાં ઉતરવા આતુર છે. અનિલભાઈ પરમાર જેવા યુવા કાર્યકર પણ દાવેદારીમાં જોડાયા છે. કોંગ્રેસમાં પસંદગીની પ્રક્રિયા સૌથી વધુ જટિલ છે. કોને ટિકીટ આપવી અને કોને કાપવા તેનો નિર્ણય આગામી દિવસોમાં થશે ત્યારે થશે, પરંતુ અત્યારે દાવેદારો વચ્ચે તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે.

## ભાજપમાંથી ટિકીટ મેળવવા ભારે દોડધામ : કોંગ્રેસ માટે વોર્ડ નં. ૫ અગ્નિપરીક્ષાનો વોર્ડ બની રહેશે

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાચું કહે છે... ખેતી કરવાવાળા મોબાઈલમાં ખેતી વિષયક એટલી કેશન નાખી રાખે તો... એ જોઈ જોઇને બીજુ ચોમાસુ આવી જાય અને આત્મહત્યાનાં વિચાર ન આવે...!**

# ગાંધીનગરમાં આંતરિક વાહન વ્યવહાર માટે મોડર્ન ટ્રામના પ્રોજેકટ માટે રજુઆત

**મેટ્રો ટ્રેનના પુર્વ સલાહકાર અમરનાથ ભટ્ટે પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કર્યો છે. આ મામલે જાગૃત નાગરિકો દ્વારા મુખ્યમંત્રીને પણ રજુઆત પણ કરવામાં આવી છે**

ગાંધીનગર તા ૨૯

ગતિશીલ ગુજરાતના પાટનગરમાં પરિવહન સેવાના નામે મીંડુ ચિતરાયેલુ છે. છેલ્લા સાડા ચાર દાયકામાં નગરની વસતી આયોજનની સાપેક્ષમાં ૪.૬ ગણી વધી ગઈ છે. ત્યારે શહેરમાં અસરકારક વાહનસેવા ઉપલબ્ધ થાય તે અનિવાર્ય છે.અમેરિકા ,સ્પેન તેમજ ઓસ્ટ્રેલિયામાં ઝડપી પરિવહન સેવા તરીકે લોકપ્રિય બનેલી મોર્ડન ટ્રામ સેવા ગાંધીનગરમાં પણ શરૂ કરવા માટે શહેર જાગૃત નાગરિક પરિષદે માંગણી કરી છે.

શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાના જણાંવ્યા મુજબ છેલ્લા ૪૫ વર્ષોમાં ગાંધીનગરની વસતી આયોજન કરતા ૪.૬ ગણી વધી ગઈ છે. જાયરે રાજયના અન્ય પ્રદેશોને જોડતી ટ્રેઈન સેવા પણ કેપિટલ સ્ટેશનને મળી નથી. અમદાવાદ સાથે જોડાયેલી પરિવહન સેવા પણ દાયકાઓ જુની હાલતમાં જ છે. શહેરમાં ૨૩ મહાશાળાઓ,૭૩ ઉચ્ચ માધ્યમિક શાળાઓ,૭૫ પ્રાથમિક શાળાઓના ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ દરરોજ અપડાઉન કરે છે. જયારે ૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ પણ રોજબરોજ અપડાઉન કરે છે. નગરના વિકાસની સાથે ગુડા વિસ્તારમાં પણ નવી સોસાયટીઓ અસ્તિત્વમાં આવી છે. ગુડા વિસ્તારમાં નવા ૨૬ સેકટરો વિકસાવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જારે એરફોર્સ ,એસ આર પી,પોલીસ તાલીમ ભવનના લીધે પણ હજારો પરિવારો પણ અહી સ્થાયી થયા છે.આગામી વર્ષોમાં શહેર તેમજ આસપાસના વિસ્તારની વસતી અંદાજિત ૬ લાખ જેટલી થઈ જશે. ત્યારે એલ આર ટી એસ સેવા અસરકારક પુરવાર થાય તેમ છે. તેમના જણાંવ્યા મુજબ એલ આર ટી એસ માટે અલાયદો રૂટ તૈયાર કરવાની જરૂર નથી. બી આર ટી એસની જેમ ટ્રાફિક જામ થવાનો પણૅ પ્રશ્ન રહેતો નથી. ચઢ ઉતર માટે ફુટપાથનો જ ઉપયોગ કરી શકાય તેમ છે. જેથી અલગ પ્લેટફોર્મ બનાવાની જરૂર રહેતી નથી.મેટ્રો ટ્રેઈનના પુર્વ સલાહકાર અમરનાથ ભટ્ટ પાસે આ માટેનો રિપોર્ટ પણ તૈયાર છે. જયારે આ રીપોર્ટનુ આલેખન જે જી ભટ્ટે તૈયાર કર્યુ છે. આ મામલે મુખ્યમંત્રીને પણ રજુઆત કરવામાં આવી છે. જાગૃત નાગરિક પરિષદે આ પ્રોજેકટને ડ્રીમ પ્રોજેકટ ગણાંવી તેનો યોગ્ય અમલ થાય તેમ પણ રજુઆતમાં જણાંવ્યુ છે.



**માલવાહક રીક્ષાનો ભાર :** શહેરમાં આજકાલ માલવાહક રીક્ષામાં ઠસ્સોઠસ માલ ભરાય છે. તસવીરમાં પસાર થઈ રહેલી માલવાહક રીક્ષામાં પાણીના પીપ એટલી સંખ્યામાં ગોઠવાયા છે કે તેની ક્ષમતા કરતા બમણા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે પ્રસાર પ્રચાર યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે સામાજિક ન્યાય અને અધિકારીતા તથા રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સંયુક્ત ઉપક્રમે રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સામે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાથી આદર્શ નિવાસી શાળા સેક્ટર-૮ સુધીની પ્રસાર પ્રચાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત આદર્શ નિવાસી શાળા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન કવન પર આધારિત "ભારત ભાગ્ય વિધાતા" નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન શાળાના તેમજ સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને વક્તૃત્વ સ્પર્ધાના પ્રથમ, બીજા અને ત્રીજા નંબરે વિજેતાઓને હાજર મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરાયા હતા.

આ કાર્યક્રમ દરમ્યાન ધારાસભ્ય શંભુજી ઠાકોર અને પૂનમભાઈ મકવાણા, ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિ અતિ પછાત નિગમના ચેરમેન પ્રવિણભાઈ પંડ્યા, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના ચેરમેન દર્શનાબેન વાઘેલા, ગાંધીનગર મહાનગરપાલિકાના નેતા ગોવિંદભાઈ પરમાર, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમાર, રાજ્ય અનુસૂચિત જાતિ અતિ પછાત નિગમના મેનેજીંગ ડિરેક્ટર પ્રવિણભાઈ શ્રીમાળી સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

## આજે વિશ્વકર્મા મંદિરમાં રાંદલ માતાજી શ્રી સૂર્યનારાયણદેવના મંદિરની ખનનવિધિ

ગાંધીનગર, તા. ૨૯

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર સેક્ટર-૧૨ દ્વારા તા. ૩૦મી માર્ચના સવારે નવ વાગ્યાથી અગીયાર વાગ્યા સુધી શ્રી રાંદલ માતાજી તેમજ શ્રી સૂર્યનારાયણ દેવના મંદિરની ખનનવિધિ વિશ્વકર્મા મંદિર સંકુલમાં રાખવામાં આવેલ છે. તો સર્વે જ્ઞાતિજનોને આમંત્રણ પાઠવેલ છે. શ્રી કે.કે. સુથાર પ્રમુખશ્રી, શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરે જણાવેલ છે.

## કલોલ તાલુકાનો ૭મીએ લોકદરબાર

ગાંધીનગર, તા. ૨૯

કલોલ તાલુકાનો લોક સંવાદ સેતુ (લોકદરબાર) કાર્યક્રમ તા. ૭મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ બપોરના ૩.૦૦ કલાકે મામલતદાર કેચરી, સરદાર ચાર રસ્તા, કલોલ ખાતે યોજાનાર છે. લોક સંવાદ સેતુ માટેના પ્રશ્નો અરજદારોએ તા. ૨ એપ્રિલ-૨૦૧૬ના બપોરના ૧૨.૦૦ કલાક સુધીમાં કલોલ મામલતદાર કચેરીમાં રજુ કરવાના રહેશે, તેવુ કલોલ મામલતદાર શ્રી વાઘેલાએ જણાવ્યું છે.

વધુમાં કલોલ મામલતદાર શ્રી વાઘેલાએ જણાવ્યું છે કે, આ લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં તાલુકાના મહેસુલ, પોલીસ, શિક્ષણ, તાલુકા પંચાયત, કાર્યપાલક ઈજનેર, ઉત્તર ગુજરાત વીજ કંપની, કાર્યપાલક ઈજનેર (મા-મ), ડિસ્ટ્રીક લીડ બેન્ક, તાલુકા આરોગ્ય, તાલુકા પુરવઠા, ડીઆઈએલઆર (માપણી), કલોલ નગરપાલિકા, સીટી સર્વે, વન વિભાગ, સંકલિત બાળવિકાસ, ખેતી વિષયક, એસ.ટી.(બસ), ગ્રામ પંચાયતોને લગતા, સમાજ કલ્યાણ વિભાગ વગેરે તાલુકામાં આવેલી વિવિધ કચેરીઓના પ્રશ્નો રજુ કરી શકાશે. રજૂ કરવાના થતાં પ્રશ્નો તા. ૨જી એપ્રિલ, ૨૦૧૬ના બપોરના ૧૨.૦૦ કલાક સુધીમાં મામલતદારશ્રી, મામલતદારશ્રીની કચેરી, સરદાર બગીચા ચાર રસ્તા, કલોલ ખાતે લેખિતમાં આપવાના રહેશે. અરજદાર પોતાના પ્રશ્નમાં પોતાનું નામ, સરનામુ, મોબાઈલ નંબર તથા જે તે વિભાગનો પ્રશ્ન હોય તેનું સ્પષ્ટ હેડીંગ આપી પ્રશ્ન રજુ કરવાનો રહેશે. લોક સંવાદ સેતુમાં એક અરજદાર દ્વારા વધુમાં વધુ ૨ પ્રશ્નો રજૂ કરી શકાશે.

આ લોક સંવાદ કાર્યક્રમમાં સેવા વિષયક, નીતિ વિષયક, કોર્ટમાં પડતર હોય તેવી બાબતો, જમીન મિલ્કત સંબંધે દાવાઓ, દિવાની મહેસુલી કોર્ટમાં પડતર હોય કે પડકારવા પાત્ર હોય તેવી બાબતોના પ્રશ્નો રજૂ કરી શકાશે નહિ.

## ગાંધીનગર શહેર-જિલ્લામાં એક માસમાં સર્પદંશના છ બનાવ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાલુ માસમાં સર્પદંશનો ભોગ બનેલા છ જેટલા દર્દીઓ નોંધાયા છે. ઉનાળાની શરુઆતમાં જ ગાંધીનગર શહેર અને જિલ્લામાં સર્પદંશના બનાવોમાં ઉછાળો જોવા મળ્યો છે. ગાંધીનગર જિલ્લામાં સર્પદંશના ભોગ બનેલા દર્દીઓએ ગાંધીનગર સિવિલમાં સારવાર મેળવી છે.

ઉનાળાનો ધીમી ગતિએ પ્રારંભ થયો છે ગરમીનું પ્રમાણ વધતા જમીનમાંથી સરિસૃપો એ જાણે બહાર નીકળવાનું શરુ કર્યુ છે. આ સરિસૃપો એ ગાંધીનગર જિલ્લાના છ વ્યકિતઓને દંશ દીધો છે. આ તમામ દર્દીઓને ગાંધીનગરની સિવિલમાં સમયસર લાવવામાં આવતા સારવાર મળતા સ્વસ્થ થઈ પોતાના ઘરે પરત ફર્યા છે. ગુજરાતમાં સરિસૃપોની અસંખ્ય જાતિઓ આવેલી છે. જેમાં મોટાભાગના સાપ બિનઝેરી હોય છે. જયારે સૌથી ઝેરી સાપ કોબ્રાને માનવામાં આવે છે. સાપ એ ઠંડી પ્રકૃતિ ધરાવે છે કારણકે સાપનું લોહી ઠંડુ હોય છે. સાપએ ચોમાસાની સિઝનમાં ચાર મહિના સુધી પોતાની પ્રકૃતિ પ્રમાણે જરુરી ચરબી એકત્ર કરી દે છે. ત્યારબાદ સાપ શિયાળામાં શીતનિંદ્રામાં જમીનમાં રહીને આ ચરબીમાંથી પોષણ મેળવે છે. જયારે ઉનાળાની શરુઆત થતા જ ગામ કે ખેતરમાં આવેલા રાફડામાંથી સાપ બહાર નીકળતા જોવા મળે છે. કારણ કે ઉનાળાની મૌસમ સરિસૃપ માટે અનુકુળ માનવામાં આવે છે. પોતાના ખોરાકની શોધમાં નીકળેલા સાપ ઘરમાં કે ખેતરમાં જોવા મળે છે અને દબાણ કે વ્યકિતના પગમાં અચાનક આવી જતા સાપ એ વ્યકિતઓને દંશ દેતા હોય છે. ગુજરાતમાં ૫૬ થી વધુ અંદાજીત વિવિધ પ્રજાતિના સાપ આવેલા છે. જેમાં ચાર જેટલા સાપ અત્યંત ઝેરી હોય છે અને બીજા અન્ય પ્રજાતિના સાપ બિનઝેરી હોય છે. ઉનાળાની શરુઆત થતા જ સાપ દેખાવાના કિસ્સામાં વધારો નોંધાયો છે. જયારે ગાંધીનગર જિલ્લામાં સર્પદંશના છ જેટલા બનાવ ચાલુ માસમાં નોંધાયા છે. ખોરાકની શોધમાં નીકળેલા સાપનો નિર્દોષ નાગરીકો ભોગ બનતા હોય છે. ઉનાળાના સમયમાં રાત્રીના સમયે ખેતર કે અન્ય સ્થળો પર ચાલતી વખતે ખાસ ધ્યાન રાખવું અનિવાર્ય છે.

## ગાંધીનગરમાં ઓડીયો-મ્યુઝીક ટેકનોલોજી કોર્ષનો પ્રારંભ

**શહેરના શાંન્તમ રેર્કોડ ઈન સ્ટુડિયોનું નવલું સાહસ, નગરના યુવાનોને સંગીત ક્ષેત્રે આ કોર્ષ ઉપયોગી બની રહેશે**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના યુવા સંગીતકાર રૂષીકેશ મહેતા અને કિશોર ઠાકોર દ્વારા શહેરની મધ્યમાં આધુનિક શાંન્તમ રેર્કોડ ઈન સ્ટુડિયાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આજે એક વર્ષની ભવ્ય સફળતા બાદ સ્ટુડીયોએ બીજા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. આ મંગળ પ્રવેશની સાથે શાંન્તમ રેર્કોડ ઈન દ્વારા શહેરના સંગીતપ્રેમી યુવાવર્ગ પોતાની કારકીર્દી સંગીત ક્ષેત્રે બનાવી શકે તેવા ઉમદા હેતુથી ઓડીયો ટેકનોલોજી અને મ્યુઝીક ટેકનોલોજીના નવિન કોર્ષનો પ્રારંભ કર્યો છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં સેક્ટર-૧૬ ખાતેઆવેલ શાંન્તમ રેર્કોડ ઈન રેકોડીંગ સ્ટુડીયોના યુવા સંગીતકાર રૂષિકેશ મહેતા અને કિશોર ઠાકોર દ્વારા છેલ્લા એક વર્ષમાં ૮ ફિલ્મ, ૧૯ ગુજરાતી ફોક આલ્બમ, ૨ નેશનલ મ્યુઝીક આલ્બમ, ૫૦ થી વધુ એડ ફિલ્મ તેમજ ૧૦૦ કરતા વધુ નાટકમાં સંગીત અને રેકોડીંગની સેવા આપી ચુક્યા છે. સ્ટુડિયોના એક વર્ષની ભવ્ય સફર બાદ શાંન્તમ રેર્કોડ ઈન સ્ટુડીયોએ મન્‍રૂ પ્રોડકશન પ્રા. લિ. ના પ્રિન્સ એઝેકીલ અને રાઘવ વાઘની સાથે મળી એક એક નવા વિચાર સાથે અને ગુજરાતી ફિલ્મ ઈન્ડરસ્ટ્રીઝ માટે કંઈક કરી છુટવાની ભાવના સાથે ૨ નવા કોર્ષનો પ્રારંભ કર્યો છે. ઓડીયો ટેકનોલોજીનો કોર્ષ માત્ર ૧ મહિનાનો છે જયારે મ્યુઝીક ટેકનોલોજીનો કોર્ષ ૬ મહિનાનો છે. આ કોર્ષની તાલિમ આપનારમાં ગાંધીનગર શહેર બીજુ સ્થાન ધરાવશે. આ અંગે માહિતી આપતા યુવા સંગીતકાર રૂષીકેશ મહેતા અને કિશોર ઠાકોર જણાવે છે કે શહેરમાં આ નવિન કોર્ષથી ગાંધીનગરનો યુવાવર્ગ ઓડીયો અને મ્યુઝીક ટેકનોલોજીના કોર્ષથી સંગીતક્ષેત્રે કેરીયર બનાવી પોતાનું ભવિષ્ય ઉજળુ કરી શકે છે અને ગુજરાતી સંગીત ગુણવતા સભર બનશે. આ કોર્ષની સાથે સાથે સંગીતના ઈન્સ્ટુમેન્ટ જેમ કે ગીટાર, ફલ્યુટ, કી બોર્ડ, ડ્રમ, અને વોકલની પણ તાલીમ આપવામાં આવશે.

### ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સમાચારના વરિષ્ઠ કટાર લેખક શ્રી સુરેશ પ્રા. ભટ્ટ પર ગઈકાલે મંગળવારે અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી. ડૉક્ટરોએ એમને આરામની સલાહ આપી છે. હવે એમની તબિયત સંપૂર્ણ સ્વસ્થ છે.

● વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાના બીજા પગે પણ સફળ શસ્ત્રક્રિયા બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ છે અને સાંજે ૪ થી૫ દરમિયાન મુલાકાતીઓને મળશે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી અંગેની વિધિવત જાહેરાત થતાં જ પાટનગરના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

● ગાંધીનગર શહેરની સાથે બે જિલ્લા પંચાયતની બેઠકો અને ૧૫ તા.પં.ની બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓની જાણકારી આપવા માટેની બેઠક બપોરે ઈન્ફોસીટીમાં મળશે.

● કલાગુર્જરી દ્વારા ૨જી એપ્રિલે હિન્દી ફિલ્મ સંગીતના મધુરી ગીતોનો કાર્યક્રમ 'આજા રે..' યોજવામાં આવ્યો છે.

● કલોલ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત ૫૬ને વહીવટીય મંજૂર અપાઈ છે. જેમાં ૧૦ મકાનની બાંધકામની મંજૂરી મહિલાના નામે અપાઈ હોવાનું શંભુજી ઠાકોરના એક પ્રશ્નના ઉત્તરમાં જણાવાયું છે.

● ગાંધીનગર કલેકટર કચેરીમાં આજે ઈ વોટીંગને લઈ એક મહત્વની બેઠક યોજાઈ હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ